જાણીતા ફિલ્મ નિર્માતા સંજય ગુપ્તાનું 59 વર્ષની વયે નિધન

‘કાંટે’ અને ‘કાબિલ’ જેવી પ્રખ્યાત ફિલ્મોના નિર્માતા ઘરમાં પડી જવાથી થઈ દુર્ઘટના

મુંબઈ, તા. 31 (PTI) ‘કાંટે’, ‘મુસાફિર’, ‘શૂટઆઉટ એટ લોખંડવાલા’ અને ‘કાબિલ’ જેવી લોકપ્રિય ક્રાઇમ અને ગેંગસ્ટર ડ્રામા ફિલ્મોના નિર્માતા અને પ્રોડ્યુસર સંજય ગુપ્તાનું તેમના વર્સોવા સ્થિત નિવાસસ્થાને પડી જવાથી માથામાં ઈજા થવાને કારણે નિધન થયું છે. તેઓ 59 વર્ષના હતા. તેમના પરિવારમાં પત્ની અનુરાધા અને બે બાળકો છે. શનિવારે એક નિવેદનમાં મુંબઈ પોલીસે જણાવ્યું હતું કે, ગુપ્તાનું મધ્યરાત્રિએ સંતુલન ગુમાવવા, ઘરમાં પડી જવા અને માથામાં ગંભીર ઈજા થવાને કારણે ભારે રક્તસ્રાવ થતાં નિધન થયું હતું.

પ્રિયંકા ચોપરા અને નિક જોનાસે લોસ એન્જલસ સ્થિત ઘરે યોજી ભવ્ય દિવાળી પાર્ટી

લોસ એન્જલસ, તા. 31: પ્રિયંકા ચોપરાએ તેમના લોસ એન્જલસ સ્થિત ઘરે દિવાળીની ઉજવણી કરી હતી અને આ પ્રસંગે મનોરંજન જગતના ઘણા જાણીતા ચહેરાઓ તેમની સાથે જોડાયા હતા. અભિનેત્રીએ 30 ઓક્ટોબરે તેમના પતિ નિક જોનાસ સાથે મળીને પોતાના ઘરે દિવાળી પાર્ટીનું આયોજન કર્યું હતું. હાજર રહેલા અતિથિઓમાં સાન્યા મલ્હોત્રા, વિની હાર્લો, રોહિણી અય્યર, લીલી સિંઘ, ગાયિકા રિયા રાજ અને લેખિકા રાધિ દેવલુકિયા-શેટ્ટીનો સમાવેશ થતો હતો.

શાહરૂખ ખાનની ફિલ્મ ‘કિંગ’ના વિદેશી રાઇટ્સ કરોડોમાં વેચાયા

મુંબઈ, તા. 31: સાઉથની ફિલ્મોનો દબદબો ‘પેન-ઇન્ડિયા’માં જોવા મળે છે, પરંતુ આજે પણ બોલિવૂડના ‘કિંગ’ ખાનનો જલવો એવો જ છે. આ વાતનો અંદાજ એ વાત પરથી લગાવો કે શાહરૂખ ખાનની ફિલ્મ ‘કિંગ’, જેની લાંબા સમયથી રાહ જોવામાં આવી રહી છે, તેના વિદેશી રાઇટ્સ 175 કરોડ રૂપિયામાં વેચાઈ ચૂક્યા છે. રિપોર્ટ મુજબ, ફર્સ ફિલ્મ્સએ શાહરૂખ ખાનની ફિલ્મ ‘કિંગ’ના ઓવરસીઝ રાઇટ્સ 175 કરોડ રૂપિયા એટલે કે 18 મિલિયન ડોલરમાં ખરીદ્યા છે. અત્યાર સુધી શાહરૂખ ખાનની ફિલ્મોના ઓવરસીઝ ડિસ્ટ્રિબ્યુશન રાઇટ્સ યશરાજ ફિલ્મ્સ પાસે રહ્યા છે.

આનંદ પંડિતની પ્રી-દિવાળી પાર્ટીમાં જેકી શ્રોફ સહિતની હસ્તીઓ પહોંચી

મુંબઈ, તા. 31: શુક્રવાર રાત્રે પ્રોડ્યુસર આનંદ પંડિતે પ્રી-દિવાળી પાર્ટી હોસ્ટ કરી હતી, જેમાં ફિલ્મ જગતની ઘણી મોટી હસ્તીઓ સામેલ થઈ છે. ટાઇગર શ્રોફ પર થયેલા હુમલા પછી જેકી શ્રોફે પહેલીવાર કોઈ પાર્ટી એટેન્ડ કરી છે. આ સિવાય મોસ્ટ અવેટેડ ફિલ્મ ‘રામાયણ’ની એક્ટ્રેસ રકુલ પ્રીત સિંહ પણ જેકી ભગનાની સાથે પહોંચી હતી.

સંભવિત હુમલાનો તત્કાળ જવાબ આપવાની ઈરાનની ધમકી

સાથે જ એમ પણ કહ્યું કે અમેરિકા સાથેની ચાલુ મંત્રણા સફળ થશે તો બે જ દિવસમાં હોર્મુઝ ખુલી જશે

દુબઈ, તા. 31(AP): યુદ્ધમાં ફરીથી ધકેલાવાના જોખમને ઘટાડવા માટે રાજદ્વારી પ્રયાસો ચાલુ છે, ત્યારે ઈરાનના સર્વોચ્ચ નેતાએ સંભવિત હુમલા સામે તાત્કાલિક પ્રતિક્રિયા આપવાની ધમકી આપી છે.

દરમિયાન, ઈરાનના વિદેશ પ્રધાને જણાવ્યું છે કે એક એવો પ્રસ્તાવ તૈયાર થયો છે જેનાથી મધ્યસ્થીઓ સાથેની વાતચીત પાટા પર હોવાથી માત્ર બે દિવસમાં જ હોર્મુઝની ખાડી સંપૂર્ણપણે ફરી ખૂલી જશે. ઈરાનના સર્વોચ્ચ નેતા મોજતાબા ખામેનીએ સત્તાવાર IRNA ન્યૂઝ એજન્સીને જણાવ્યું હતું કે, અમેરિકા અથવા ઈઝરાયેલ તરફથી કોઈપણ પ્રકારની અને કોઈ પણ સ્તરની ધમકીનો ભૌગોલિક મર્યાદાઓ વિના તાત્કાલિક જવાબ મળવો જોઈએ. સરકારી મીડિયાએ જણાવ્યું હતું કે, ગત 28 ફેબ્રુઆરીએ અને ઈઝરાયેલી હુમલાઓ સાથે યુદ્ધ શરૂ થયા પછી હજુ સુધી જાહેરમાં નજરે ન પડેલા ખામેનીએ લશ્કર સાથેની મુલાકાત દરમિયાન આ ટિપ્પણીઓ કરી હતી. તેમણે સંભવિત અમેરિકા અને ઈઝરાયેલી લક્ષ્યોની અપડેટ કરેલી યાદી તૈયાર કરવા પણ જણાવ્યું હતું.

પ્રથમ તબક્કાના હુમલાઓમાં તેમના પિતા અને અન્ય ઉચ્ચ અધિકારીઓ માર્યા ગયા પછી ખામેની સર્વોચ્ચ નેતા બન્યા હતા. સરકારી મીડિયાના અહેવાલ મુજબ, તેઓ તાજેતરના અઠવાડિયામાં કેટલાક વરિષ્ઠ અધિકારીઓને મળી રહ્યા છે.

ઈરાનના ટોચના રાજદ્વારીનું કહેવું છે કે મધ્યસ્થીઓ સાથે એક નવો પ્રસ્તાવ પહોંચી ગયો છે જે હોર્મુઝની ખાડીને સંપૂર્ણપણે ફરીથી ખોલવાનો સમય ઘટાડીને બે દિવસ કરી દેશે. કતારસ્થિત બ્રોડકાસ્ટર અલ જઝીરા સાથેની મુલાકાતમાં, વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ એમ પણ કહ્યું કે ઈરાન અમેરિકી અધિકારીઓને મળવાનું આયોજન નથી કરી રહ્યું, પરંતુ જણાવ્યું કે “વ્યાપક વાતચીત” તરફના તાજેતરના અમેરિકન પ્રયાસોને સકારાત્મક પગલું માનવામાં આવે છે.

યુક્રેનના કુગ્ગા ડ્રોન હુમલાથી મોસ્કોના એરપોર્ટ પર ભારે અરાજકતા

રશિયાની રાજધાનીમાં વિમાની વ્યવહાર ખોરવાતા 1000 જેટલી ફ્લાઇટ્સ રદ અથવા મોડી પડી

મોસ્કો, તા. 31 રશિયા સામેના યુદ્ધમાં યુક્રેને એક અત્યંત ઘાતક અને અનોખી રણનીતિ અપનાવીને રશિયાના વિમાની ક્ષેત્રને આંચકો આપ્યો છે.

યુક્રેને ઊંચાઇ પર ઊડતા હવામાનના કુગ્ગાઓ સાથે કમિકાઝી ડ્રોન બાંધીને રશિયાની રાજધાની મોસ્કો પર હુમલા શરૂ કર્યા છે. આ હુમલાઓનો મુખ્ય હેતુ રશિયાના વ્યસ્ત એરપોર્ટોને નિશાનો બનાવીને ત્યાં અરાજકતા ઊભી કરવાનો છે.

સોશિયલ મીડિયા પર સામે આવેલી તસવીરોમાં હવામાનના કુગ્ગા નીચે ડ્રોન લટકતું જોવા મળ્યું છે. રશિયન સૈન્ય વર્તુળોના જણાવ્યા અનુસાર, યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદોમીર ઝેલેન્સ્કીએ મોસ્કોના એવિએશન હબની કામગીરીમાં વિક્ષેપ પાડવા આ પદ્ધતિ અપનાવી છે. આ કુગ્ગાઓ દ્વારા ડ્રોનને નિર્ધારિત લક્ષ્ય વિસ્તાર સુધી વધુ ઊંચાઇ પર લઈ જવામાં આવે છે અને બાદમાં ત્યાંથી છોડીને મહત્તમ નુકસાન પહોંચાડવામાં આવે છે.

આ હુમલાના પરિણામે સમગ્ર રશિયામાં લગભગ 1000 જેટલી ફ્લાઇટ્સ કાં તો રદ કરવામાં આવી છે અથવા મોડી પડી છે. મોસ્કોના મુખ્ય આંતરરાષ્ટ્રીય એરપોર્ટ શેરમેતયેવો ખાતે મુસાફરોની ભારે ભીડ અને લાંબી લાઇનોના દ્રશ્યો જોવા મળ્યા હતા. હવાઈ માર્ગો બંધ થતાં હજારો મુસાફરો અટવાઇ પડ્યા છે.



યુરોપના અનેક દેશોમાં સતત ત્રીજા વીકએન્ડમાં વિરોધ પ્રદર્શનો

શનિ-રવિના દિવસોમાં ફ્રાન્સ ઉપરાંત જર્મની, ઇટાલી અને સ્પેનમાં પણ મોટા પાયે વિરોધ પ્રદર્શનોનું આયોજન

બેલ્જિયમ, નેધરલેન્ડ, ઓસ્ટ્રિયા, સ્વિટ્ઝર્લેન્ડ અને પોર્ટુગલમાં પણ વિરોધ પ્રદર્શનોના આહ્વાન થયા

પેરીસ, બાર્સેલોના, તા. ૩૧: યુરોપના અનેક દેશોમાં મોંઘવારી જેવી સમસ્યાઓ અંગે સરકારો સામેના વિરોધ પ્રદર્શનો સતત ત્રીજા વીકએન્ડમાં પણ ચાલુ રહ્યા છે જ્યારે ફ્રાન્સ, સ્પેન, ઈટાલી, જર્મની જેવા દેશોમાં હજારો લોકો રસ્તાઓ પર ઉતરી રહ્યા છે, જ્યારે યુરોપના કેટલાક અતિ સમૃદ્ધ મનાતા દેશોમાં પણ વિરોધ પ્રદર્શનો માટેના આહ્વાન થયા છે.

ફ્રાન્સના આંતરિક બાબતોના મંત્રી લૉરેન્ટ નુનેઝે ખાસ કરીને હેલોવીનની રાત્રે અંધારું થયા પછી અશાંતિનું ખૂબ જ ઊંચું જોખમ હોવાની ચેતવણી આપી હતી. પ્રમુખ એમેન્યુએલ મૅક્રોને સોમવારે જણાવ્યું હતું કે દુકાનોનું રક્ષણ કરવા માટે માર્ચ શહેરના કેન્દ્રોથી દૂર રાખવામાં આવશે. પોલીસે ૧૭ ઓક્ટોબરે રમખાણો અને લૂંટનો ભોગ બનેલા પ્લેસ દ લા રિપબ્લિક અને લેસ હાલેસ ખાતે પણ શનિવાર અને રવિવારે રાત્રે ૧૧ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધી પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો છે. આ આંદોલનની શરૂઆત હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા શાળાની સ્થિતિ સામેના વિરોધથી થઈ હતી અને તે મોંઘવારી સામેના રોષમાં પરિવર્તિત થયું હતું.

ચોરી થયેલ ૯૦ ટકા ક્રિપ્ટો સંપત્તિની પૂર્તિ કરી લેવાઈ છે: બાયનાન્સ

વિશ્વના સૌથી મોટા ક્રિપ્ટો એક્સચેન્જે જણાવ્યું કે નુકસાનનો પહોંચી વળવા કંપનીના ભંડોળમાંથી ૬.૩૪ અબજથી વધુ રકમ છૂટી કરાઇ, રોકાણકારોને નુકસાન નહીં થવા દેવાય

ન્યૂયોર્ક, તા. ૩૧: ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જ બાયનાન્સે શનિવારે જણાવ્યું હતું કે તેણે ૬.૩ અબજ ડૉલરની સુરક્ષા ભંગની ઘટનામાંથી થયેલ નુકસાનને પહોંચી વળવા માટે કંપનીના ભંડોળમાંથી ૬.૩૪ અબજ ડૉલરથી વધુ રકમ અલગ રાખી છે, અને ચોરી થયેલી ટૉકન અસ્કયામતોમાંથી લગભગ ૯૦% રકમની પૂર્તિ કરી લેવામાં આવી છે. એક્સચેન્જે જણાવ્યું છે કે તે તબક્કાવાર ઉપાડ સેવાઓ પુનઃસ્થાપિત કરવા માટે કામ કરી રહી છે.

તેના બીજા સિક્યુરિટી ઈન્સિડન્ટ રિકવરી અપડેટમાં, બાયનાન્સે જણાવ્યું હતું કે તે યુઝર્સ માટેના સુરક્ષિત એસેટ ફંડ(SAFU) અને કોર્પોરેટ ટ્રેઝરી દ્વારા ચોરીની સમગ્ર નાણાકીય અસર ભોગવી લેશે, જેથી સુનિશ્ચિત થાય કે યુઝરોએ નુકસાન વેઠવું ન પડે. એક્ચેન્જે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, “અમારા છેલ્લા અપડેટમાં એ સમજાવવામાં આવ્યું હતું કે બાયનાન્સે હેક થયેલા નુકસાનને પહોંચી વળવા માટે કંપનીના ભંડોળમાંથી $૬.૩૪ બિલિયન (6.34B) કરતાં વધુ રકમ અલગ રાખી હતી, અને તે સમયે અમે હેક થયેલા નુકસાનની લગભગ ૮૦% રકમ પહેલેથી જ કવર કરી લીધી હતી.” તેમાં ઉમેરવામાં આવ્યું હતું કે, “તે કવર થયેલી રકમ હવે વધીને ૯૦% થઈ ગઈ છે.” બાયનાન્સે જણાવ્યું કે બિટકોઈન, ઈથર, ટેથર, BNB, સોલાના, USD કોઈન, XRP, USD1, RLUSD અને ZEC સંપૂર્ણપણે બેક્ડ હતા.

સીજેપીના સ્થાપક દીપકે મમતા બેનર્જીને મળ્યા

નવી દિલ્હી, તા. 31 (PTI): કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના સ્થાપક અભિજિત દીપકેએ શનિવારે દિલ્હીમાં તૃણમૂલ કોંગ્રેસનાં સુપ્રિમો મમતા બેનર્જી સાથે મુલાકાત કરી હતી અને તેમના સંગઠનના યુવાનોના નેતૃત્વ હેઠળના વિરોધ પ્રદર્શનોને સમર્થન આપવા બદલ આભાર માન્યો હતો, તેમ જ ‘વોટ ચોરી’ના આરોપસર યોજનાર ઈન્ડિયા ગઠબંધનની રેલીને પોતાનું સમર્થન જાહેર કર્યું હતું. જોકે, દીપકેએ સ્પષ્ટ કર્યું હતું કે, સીજેપી પોતાની સ્વતંત્ર ઓળખ જાળવી રાખશે અને વિપક્ષી પક્ષોના રવિવારના વિરોધ પ્રદર્શનમાં જોડાશે નહીં. દીપકેએ જણાવ્યું હતું કે, તેઓ નીટ પેપર લીક મુદ્દે જંતર મંતર પર તેમના સંગઠનના પ્રથમ વિરોધ પ્રદર્શનને મમતા બેનર્જીએ આપેલા સમર્થન અને જ્યારે તેમના નેતાઓ સૌરવ દાસ અને આશુતોષ રાંકાની દિલ્હી પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી ત્યારે તેમના દ્વારા આપવામાં આવેલા સાથ બદલ આભાર વ્યક્ત કરવા માટે બેનર્જીને મળ્યા હતા.

ઢોંસા બનાવવાથી માંડીને મંદિરોની મુલાકાત સુધી

અમેરિકામાં ભારતીયોને રિઝવવા ઉમેદવારોના પ્રયાસો

ખાસ કરીને જ્યાં બે ટકા મત પણ મહત્વપૂર્ણ સાબિત થાય તેવા સ્વીંગ સ્ટેટ તરીકે ઓળખાતા રાજ્યોમાં ભારતીય સમુદાયને રિઝવવા ભરપૂર પ્રયાસો થઇ રહ્યા છે

વૉશિંગ્ટન, તા. ૩૧: રેસ્ટોરન્ટમાં મોંમાં પાણી લાવી દે તેવા ઢોંસા બનાવવાથી લઈને મંદિરની મુલાકાતો લેવા સુધી, અમેરિકી મિડટર્મ ચૂંટણીના ઉમેદવારો ભારતીય-અમેરિકન મતદારોને આકર્ષવા માટે કોઈ કસર છોડી રહ્યા નથી, જેઓ અતિ-સ્પર્ધાત્મક ચૂંટણીઓમાં સત્તાનું પાસું પલટી શકે છે. ડેમોક્રેટિક ઉમેદવાર જ્મ્સ ટાલારિકોએ ડલ્લાસના ઉપનગરીય વિસ્તાર ઈરવિંગની એક ભારતીય રેસ્ટોરન્ટમાં ઢોંસા બનાવવાનો હાથ અજમાવ્યો, જે વિસ્તારમાં મોટી સંખ્યામાં ભારતીય-અમેરિકનો વસે છે. કાળા સૂટ અને સફેદ શર્ટમાં સજ્જ ટાલારિકોએ એક બાઉલમાં ઢોંસાનું ખીરૂ લીધું, તેને ગરમ તવા પર સરખી રીતે ફેલાવ્યું અને તેના પર મસાલા બટેટાનું મિશ્રણ મૂક્યું. ડેમોક્રેટિક ઉમેદવારે ક્રિસ્પી ઢોસો વાળીને તાળીઓના ગડગડાટ વચ્ચે પ્લેટમાં કેળાના પાન પર પીરસ્યો. ટેક્સાસમાં ભારતીય-અમેરિકન સમુદાય દ્વારા આ ચેષ્ટાને ઉષ્માભેર આવકારવામાં આવી હતી, જેઓ ઘણીવાર રિપબ્લિકન પક્ષના એક વર્ગના જાતિવાદી હુમલાઓનો શિકાર બને છે. ટાલારિકો ‘ડીપ રેડ’(રિપબ્લિકન બહુમતી ધરાવતા) રાજ્યમાં યુએસ સેનેટની રેસમાં રિપબ્લિકન ઉમેદવાર કેન પેક્સટનને કઠિન પડકાર આપી રહ્યા છે. ભારતીય મંદિરો ઉમેદવારો માટે પસંદગીના સ્થળો બની ગયા છે, ખાસ કરીને ભારતીય-અમેરિકન વસ્તી ધરાવતા રાજ્યોમાં. કનેક્ટિકટના ગવર્નર નેડ લેમોન્ટ, જેઓ પદ પર વધુ એક મુદત માટે ચૂંટણી લડી રહ્યા છે, તેમણે સ્ટેટ કેપિટોલ ખાતે ડેપ્યુટી સેક્રેટરી ઓફ સ્ટેટ જેનિફર બારાહોના સાથે મળીને દીવાળીની ઉજવણીમાં ભાગ લીધો હતો. ઓહાયોના કોંગ્રેસમેન ગ્રેગ લેન્ડ્સમેને મંદિરની સ્થાપનાની વર્ષગાંઠની ઉજવણી કરવા માટે શેરોનવિલેના બીએપીએસ સ્વામિનારાયણ મંદિરના ૧૧મા પાટોત્સવમાં હાજરી આપી હતી. ન્યુ જર્સીના યુએસ સેનેટર કોરી બુકરે અક્ષરધામ મંદિરમાં દીવાળીની ઉજવણીમાં ભાગ લીધો હતો, જ્યારે કોંગ્રેસમેન રેન્ડી ફાઈન અને સ્કોટ પેરી સમુદાય સુધી પહોંચવાના પ્રયાસોના ભાગરૂપે પેન્સિલવેનિયાના હેરિસબર્ગમાં એક મંદિરમાં હાજર રહ્યા હતા.

બાંગ્લાદેશના વિપક્ષી નેતાએ ભારત કોરિડોર બનાવવા સામે ચેતવણી આપી

વિપક્ષી નેતાએ ગંગા નદીના પાણીની નિષ્પક્ષ વહેંચણી કરારની માંગ કરી

ઢાકા, તા. 31 (PTI) સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, બાંગ્લાદેશના એક વિપક્ષી નેતાએ દેશમાંથી થઈને ભારત માટે ટ્રાન્ઝિટ કોરિડોર બનાવવાના કોઈપણ પગલા સામે ચેતવણી આપી છે અને ડિસેમ્બરમાં ગંગા કરાર પૂરો થાય તે પહેલાં નવી દિલ્હી સાથે પાણીની નિષ્પક્ષ વહેંચણી માટેના કરારની માંગ કરી છે.

નેશનલ સિટીઝન પાર્ટી (એનસીપી)ના કન્વીનર નાહિદ ઈસ્લામે શુક્રવારે ઢાકા ખાતે યોજાયેલી એક રેલીમાં આ વિધાન આપ્યું હતું, જેમાં સેંકડો સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા.આ રેલીનું મુખ્ય આયોજન કાયદો અને વ્યવસ્થા જાળવવામાં તથા ગેસ અને વીજળીની અછતને પહોંચી વળવામાં નિષ્ફળ જવા બદલ બાંગ્લાદેશના ગૃહમંત્રી સલાહુદ્દીન અહમદ અને ઊર્જા, બળતણ તથા ખનિજ સંસાધન મંત્રી ઈકબાલ હસન મહમૂદ ટુકુના રાજીનામાની માંગ માટે કરવામાં આવ્યું હતું.

રેલી દરમિયાન એનસીપી નેતાએ બાંગ્લાદેશના વડા પ્રધાન તારિક રહેમાનની સરકાર પર દેશમાંથી ભારતીય ટ્રાન્ઝિટ કોરિડોર બનાવવામાં મદદ કરવાનો આરોપ પણ લગાવ્યો હતો.

બાંગ્લાદેશી અખબાર ‘પ્રથમ આલો’ અને ‘bdnews24’ ન્યૂઝ વેબસાઈટ અનુસાર, તેમણે એવી પણ ચેતવણી આપી હતી કે, જો ગંગા જળ-વહેંચણી કરારને બાંગ્લાદેશના હિતોનું રક્ષણ થાય તે રીતે નવીકરણ કરવામાં નહીં આવે તો નવા વિરોધ પ્રદર્શનો શરૂ કરવામાં આવશે.

એનસીપીએ ફેબ્રુઆરી 2025માં સ્થપાયેલો એક રાજકીય પક્ષ છે, જેની રચના જુલાઈ-ઑગસ્ટ 2024ના વિદ્યાર્થી આંદોલનના નેતાઓ દ્વારા કરવામાં આવી હતી.